જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૦૯/૨૦૧૭ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-</u> <u>સમાચાર યાદી નં.૧૮૩૫/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૪૬ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૧૬૨ લીટર દેશી દારૂ, ૭૧ બોટલ ઇંગ્લીશ દારૂ, ૪૬૬ બીયરટીન, ૦૨ સ્કુટર અને ૦૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી, ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૨,૩૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૮૩૬/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>વિશ્વાસઘાત અને છેતરપીંડી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૩૭/૧૭</u>**

**પાલડી :** વિદ્યાધર કુમુદચંદ્ર વ્યાસ (ઉ.વ.૭૬)(રહે,દેવ સિધ્ધી હોમ્સ, સુખીપુરા બસ સ્ટોપ પાસે વંસંતકુંજ સોસાયટી પાસે, પાલડી) એ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૯/૧૭ ના કલાક ૯/૦૫ વાગ્યાનાં સુમારે સુજય ફ્લેટની બહાર દવે નિવાસ મકાનની સામે ત્રણ રસ્તા નજીક રોડ પર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષે ભેગામળી વિધાધરનાં પત્ની ને પોતાની ઓળખાણ પોલીસ તરીકે આપી વિધાધરનાં પત્નીને વિશ્વાસ અને ભરોસામાં લઇ, તેમના હાથમાં પહેરેલ સોનાની બંગડી નંગ૨ કિંમત રૂપીયા ૫૦,૦૦૦/- મત્તાની કાગળના પડીકામાં મુકી નજર ચુકવી લઇ બીજુ પડીકુ આપી, મોટર સાયકલ ઉપર નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.ડી.ગોજીયા ચલાવે છે.

**<u>સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૩૮/૧૭</u>**

**સરદારનગર :** આશાબેન મંગારામ ખટવાણી (રહે,સી.ટી.ઝોન એસ.આર.પી.ગ્રુપ-૨ ની બાજુમાં સૈજપુર) એ તા.૯/૯/૧૭ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૮/૧૭ રાતનાં ૧૧/૦૦ વાગ્યાનાં સુમારે કુબેરનગર રેલ્વે ફાટક ની આગળ આવેલ મયુર ટેલર્સ નજીકથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક એક્ટીવા ઉપર આવેલ બે પુરૂષ આશાબેનનાં ગળામાંથી સોનાનો દોરો કિંમત રૂપિયા ૩૫,૦૦૦/- ખેંચી તોડી લઇ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી સર્વેલન્સ સ્કોર્ડ નાઓ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૮૩૯/૧૭**

**કાગડાપીઠ :** કાંન્તીભાઇ મોહનભાઇ પરમાર (ઉ.વ.૫૫)(રહે,રસુલ કડીયાની ચાલી અમૃતનગર સોસાયટી સામે બેહરામપુરા) એ પોતાની બીમારીથી કંટાળી જઇ તા.૯/૯/૧૭ રાતનાં ૮/૩૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે પોતાની જાતે એક ઘુંટ જેટલુ એસીડ પીજતાં, શરીરે અસર થતાં સારવાર અર્થે તેમને એલ.જી. હોસ્પીટલ માં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજ્યુ હતુંઆ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી બાલાજી નાઓ ચલાવે છે.

**નરોડા :** ભરતભાઇ દિવાનસિહ નાઇ (ઉ.વ.૪૯)(રહે, કર્ણાવતી સોસાયટી પા.ટા.શીપ કૃષ્ણનગર) એ કોઇ અગમ્ય કારણસર તા.૧૦/૯/૧૭ નાં કલાક ૭/૩૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે સરદાર પટેલ રિંગ રોડના સર્વિસ રોડ ઉપર ૧૦૮ ઓફીસની બિલ્ડીગની પાછળ ખુલ્લા ખેતરમાં લીમડાના ઝાડની ડાળી સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ધનપાલસિહ દેવીસિહ ચલાવે છે.

**રીવરફ્રન્ટ (વેસ્ટ) :** સુહાગ શકરાભાઇ પરમાર (ઉવ.૩૫)(રહે.વિનય વિહાર સોસાયટી કબાડી માર્કેટ સામે બહેરામપુરા) એ કોઇ અગમ્ય કારણસર તા.૧૦/૯/૧૭ નાં કલાક ૧૦/૩૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે સાબરમતી નદીના પશ્ચીમ તરફના છેડે પગથીયા નં.૩૦ નજીક નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી લીધી છે. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હસમુખભાઇ મગનભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.